Title

Smt. Hansa Mehta Library, The Maharaja Sayajirao University of Baroda

Contribution of

# Dahyabhai Dholashaji as a Playwright

With Special Reference to

## The Contemporary Gujarati Stage and Drama

A Thesis
Submitted to
The M. S. University, Baroda, for
The Degree of Ph. D.
in
Dramatics (Faculty of Fine Arts)

Submitted through:

Guide
Hon. Visiting Professor
C. C. Mehta

Markand Bhatt
Head, Dept. of Dramatics

Principal
College of Indian Music Dance and Dramatics

24-11-70

by

Bharatkumar Dhirubhai Thaker

Lecturer in Gujarati, Arts and Commerce College, Dholka

Title

સમકાલીન ગુજરાતી નાટક અને રંગભૂમિના સંદર્ભમાં

નાટ્યકાર

# ડાહ્યાભાઈ ધોળશાજીનું પ્રદાન

[ મ. સ. યુનિવર્સિટીની લલિતકલા વિદ્યાશાખાના નાટ્યવિદ્યાના વિષયમાં
પી એચડી.ની ઉપાધિ માટે રજૂ કરેલો મહાનિબંધ ]


લેખક
ભરતકુમાર ધીરુભાઇ ઠાકર
આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા




શ્રી નવીન

ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી

જ. ૧૯—૩—૧૮૬૭ મંગળવાર]                [અ. ૩૦—૪—૧૯૦૨ ગુરુવાર




ડાહ્યાભાઈ ધોળશાજીના હસ્તાક્ષર




ડાહ્યાભાઈનાં નાટકોની એક હસ્તપ્રતમાંથી

દક્ષ:- ખરૂ છે બાજુ ખરૂં. બોલ્ય તારાથી બોલાય તેટલું બોલ. ભૂલ મારી જ થઈ કે આવા મર્કટ જેવા મુખવાળાને મેં મૃગલોચની દીકરી દીધી. અસુર જેવા અડબંગને દેવાંગના સોંપી. સર્પના સંગી ભંગીને કોમળાંગી કન્યા આપી. હાય હાય ધિક્કાર પડો રે ભંગેરા તને કે તારા સસરાનું અપમાન કર્યું હાયહાય દીકરી લઈને દુશ્મન થયો.

શિવજી:- દક્ષજી સંસારમાં કોણ કોનું દુશ્મન છે ને કોણ કોનું હિતસ્વી છે. પોતપોતાના કર્મ જ દુશ્મન કે હિતસ્વી છે.

દક્ષ:- ત્યારે મારૂં અપમાન મારા કર્મે જ કીધું ખરૂં કે, ભંગારા.

શિવજી:- માન અપમાન કાંઈ માગ્યાં નથી. માનને લાયક પુરુષો સ્વતઃ માન પામે જ જાય છે. પરાણે માન મેળવવા જતાં અપમાન પામે તેમાં કોઈને દોષ દેવો એ મૂર્ખાઈ છે.

દક્ષ:- એમ કે હું મૂર્ખ અને પોતે ડાહ્યા. વાહરે નરવર ખરેખરૂં નરનું સ્વરૂપ પ્રકાશ્યું જો પણ તમને એમ સમજ ન પડી કે સુતાને તો ઝેર પીવું સારૂં. આપ ડસવો સારો. પીસાઈ મરવું બહેતર પણ અપમાન તો તેથી પણ ભૂરૂં જ. આ સઘળા દેવમંડળની રૂબરૂ મારી મર્યાદા લોપી.

શિવજી:- એટલી મર્યાદા સમજાઈ એ જ મોટી હલકાઈ.

દક્ષ:- અરે અધમ આ અપમાનના બદલામાં હું તને શાપ દઉં છું કે આજથી તું ભીખારી વેશે રહીશ તું નીચામાં નીચા દેવોનો સંગી થઈ નીચ દેવતાની ગણત્રીમાં ગણાઈશ.

નંદી:- અરે આંધળા અભિમાની દક્ષ તારા અભિમાનના બદલામાં તારે બોકડાનું માથું થશે. આ મારા ગુરૂના પ્રતાપથી મારો શાપ છે.

ઈન્દ્ર બધા:- અહાંહાંહાં ઈન્દ્ર આ શું. આ દેવસભામાં અડાઅડી શી. પ્રજાપતિજી આપ સમજુ છો. શિવજી આપને આ ઘટે.

અપ્રગટ નાટક 'સતી પાર્વતી'માંથી નમૂનો

શ્રી નવિન - નાટક

ત્રણ અંકી

— x —

## પ્રવેશ ૧લો

કુન્તામા :- (ગાયન)

શું રામરામ અજબ કામ છે દશાતણું
વિચિત્ર રંગઢંગ શા દશા તણા બન્યું — શું.
દશા તણા દરીઆ વિશે દુનિઆ ડુબકા ખાય
હોડી હોય સુબુદ્ધિની તો તો તુર્ત તરાય
દયાળ દેવ સાચે એ સુકાનીમાં ગણું — વિચિત્ર.
પરપોટા પેઠે ઘડી પલકે પલટે રંગ
મદ પળમાં મુકાવીને કરે રાયના રંક — દશાને વિશ્વનાટ્ય
સૂત્રધાર હું ગણું.

હે પરમાત્મા અમારી એક વખતે શી અવસ્થા હતી અને આજે શી દશા છે. હજારો નોકરો જેનો એક બોલ ઝીલવાને તૈયાર ઉભા રહેતા તેનું કામ કરનાર આજે પોતાના હાથ શિવાય બીજું કાંઈ રહ્યું નથી. પીતરાઈઓનો પરવશ પડી હવે મારું શું થશે. અરે મારી તો મને જરાએ ચીંતા નથી પણ મારા આ નીરાધાર ~~બાળકો~~ દીકરાઓનું શું થશે.

અપ્રગટ નાટક 'લાક્ષાગૃહ'માંથી નમૂનો